# RTE એક્ટ-૨૦૦૯ અન્વયે શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮-૧૯માં નબળા અને વંચિત જૂથના બાળકોને વિના મૂલ્યે ધોરણ-૧માં પ્રવેશની જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ની કલમ ૧૨(૧) ક હેઠળ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં 25% મુજબ વિના મૂલ્યે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જૂન-૨૦૧૮ના રોજ પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોય અને નીચે દર્શાવેલ અગ્રતાક્રમ ધરાવતા હોય તે બાળકો આ યોજના હેઠળ અગ્રતાક્રમ મુજબ પ્રવેશપાત્ર બને છે.

| ક્રમ | અગ્રતાક્રમ | ક્રમ | અગ્રતાક્રમ |
|---|---|---|---|
| ૧ | અનાથ બાળક | ૨ | સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક |
| ૨ | બાલગૃહના બાળકો | ૪ | બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો |
| ૫ | મંદ બુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરિયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ-૩૪ (૧)માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો. | | |
| ૬ | HIVથી અસરગ્રસ્ત બાળકો | | |
| ૭ | ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી/પોલીસ દળના જવાનના બાળકો | | |
| ૮ | ૦ થી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરી (SC,ST, SEBC, જનરલ તથા અન્ય) ના BPL કુટુંબના બાળકો | | |
| ૯ | અનુસૂચિત જાતિ (SC) તથા અનુસૂચિત જનજાતિ (ST) કેટેગરીના બાળકો | | |
| ૧૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અન્ય પછાત વર્ગ/વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો. સદર કેટેગરીમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે. | | |
| ૧૧ | જનરલ કેટેગરી/બિનઅનામત વર્ગના બાળકો | | |
| નોંધ | અગ્રતાક્રમ (૯), (૧૦) અને (૧૧)માં આવતા બાળકો માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂા. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા. ૧,૫૦,૦૦૦/-ની આવકમર્યાદા લાગુ પડશે. પ્રવેશ માટે કેટેગરીની અગ્રતા, આવકની અગ્રતા તથા વાલીએ પસંદ કરેલ શાળાની અગ્રતા ક્રમાનુસાર ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. | | |

પ્રવેશ મેળવવા માટે બાળકના વાલીએ www.rtegujarat.org વેબસાઈટ પર તા. ૧૯/૦૪/૨૦૧૮ થી તા. ૦૫/૦૫/૨૦૧૮ દરમ્યાન પ્રવેશ ફોર્મ ભરી શકશે. આ અંગેની જરૂરી વિગતો જેવી કે અરજી સાથે કયા કયા આધાર-પુરાવા, ક્યાં અધિકારીના રજૂ કરવાના છે તે સહિતની તમામ વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. અરજદાર જરૂરી આધાર-પુરાવા એકઠા કરી ઓનલાઈન અરજી સમયમર્યાદામાં કરી શકશે તે માટે પ્રવેશની જાહેરાત અને ઓનલાઈન અરજી કરવાની તારીખ વચ્ચે જરૂરી સમયગાળો રાખવામાં આવેલ છે. Online ફોર્મ ભરવા માટે સ્વીકાર કેન્દ્રોની મદદ લઈ શકાશે. જે વાલી ઓન-લાઈન પ્રવેશ ફોર્મ ન ભરી શકતા હોય તે સ્વીકાર કેન્દ્ર પર જઈ કોરું પ્રવેશ ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી પરત આપશે તો તેઓનું ફોર્મ સ્વીકાર કેન્દ્ર પર ઉપસ્થિત કર્મચારી દ્વારા ઓન-લાઈન ભરી આપવામાં આવશે. Online ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી દસ્તાવેજી પુરાવાઓ સાથે નજીકના સ્વીકાર કેન્દ્ર ખાતે તા. ૧૯/૦૪/૨૦૧૮ થી તા. ૦૮/૦૫/૨૦૧૮ સુધીમાં જાહેર રજા સિવાય કચેરી સમય દરમિયાન જમા કરાવવાના રહેશે.

(ડો. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ. રા. ગાંધીનગર

તા. ૦૯/૦૪/૨૦૧૮
સ્થળ : ગાંધીનગર

માહિતી/૭૨/૨૦૧૮-૧૯